**Placement February -21 ,2023**

# આઈ.એલ.ટી. બી.એડ કોલેજના કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૬૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો

## રાજય સરકારના અનુદાનથી ચાલતી સૌરાષ્ટ્રની એકમાત્ર અંગ્રેજી ટીચરને તૈયાર કરતી બી.એડ કોલેજ એટલે આઈ.એલ.ટી.

**અબતક,રાજકોટ**



રાજકોટની સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ટ્રસ્ટ સંચાલિત અને કાલાવડ રોડ ઉપર આવેલી ઈન્સ્ટટ્યૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજમાં બી એડ ના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ અંગ્રેજી શિક્ષક થવા માટેની તાલીમ મેળવે છે. આઈઆઈ.ટી.ઈ. યુનિવર્સિટી સાથે સંલગ્ન રાજ્ય સરકારના અનુદાનથી ચાલતી સૌરાષ્ટ્રની એકમાત્ર અંગ્રેજી ટીચરને તૈયાર કરતી બી.એડ કોલેજ એટલે આઈ એલટી બી.એડ કોલેજ બી.એડ કોલેજના વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ પૂર્ણ કરે ત્યારે જુદી જુદી શાળાઓમાં શિક્ષક તરીકે વ્યવસાય કરવાની તક મળતી હોય છે. આ કોલેજ દ્વારા ગત રવિવારે વિદ્યાર્થીઓને રોજગાર મળવાના ભાગરૂપે કેમ્પસ ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યુ હતું રાજકોટની ૨૫ જેટલી શાળાઓએ ક્મ્પેસિટરના ભાગ લીધો હતો . નિર્મલા સી એન રાવ, ધોળકિયા, મોદી, વિઝન, સન ફ્લાવર, ગ્લોબલ સહિત ૨૫ થી વધુ શાળાઓના પ્રતિનિધિઓ કેમ્પસ ઈન્ટરવ્યુ વખતે ઉપસ્થિત રહ્યા હતા. આઈ.એલ.ટી. કોલેજ રાજકોટના ૬૦ જેટલા તાલીમાર્થીઓએ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો. ઈન્ટરવ્યૂ દરમિયાન શાળાઓએ ઘણા વિદ્યાર્થીની પસંદગી કરી હતી અને પસંદ કરેલા વિદ્યાર્થીઓને ડેમોસ્ટ્રેશન લેક્ચર માટે પોતાની શાળામાં આવવા માટે સૂચન કર્યુ હતું. વર્તમાન સમયમાં વિદ્યાથીઓ રોજગારી માટે જુદી જુદી જગ્યાએ પ્રયાસ કરતા હોય છે. ત્યારે અભ્યાસ કરતા કરતા આઈ એલ.ડી. કોલેજ દ્વારા યોજવામાં આવેલ કેમ્પસ ઈન્ટરવ્યુના માધ્યમથી બી.એડ કરતા તાલીમાર્થીઓને અભ્યાસ ક્રમ પૂરો કરતા પહેલા રાજકોટની જુદી જુદી શાળાઓમાં નોકરી મેળવવાની પૂરી તક મળી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.નિદત બારોટના માર્ગદર્શન તળે નેહલ શિંગાળા, સ્મિતા ગઢવી, દીપિકા પટેલ અને જયોતિબેન તડવી દ્વારા કરવામાં આવ્યું હતુ. આ સમગ્ર આયોજનને આઈ.એલ.ટી. કોલેજના તાલીમાર્થીઓએ ખૂબ મહેનત કરીને સફળ બનાવ્યું હતુ.

# Institute of Language Teaching

**Ref :** **Date :**



# આઈ.એલ.ટી.બી.એડ કોલેજ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

રાજકોટ,તા.૨૧

સૌરાષ્ટ્ર હાઇસ્કુલ ટ્રસ્ટ સંચાલિત અને કાલાવડ રોડ ઉપર આવેલી ઇન્સ્ટિટયૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજમાં બી ગ્રેડ ના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ અંગ્રેજી શિક્ષક થવા માટેની તાલીમ મેળવે છે. આઇ.આઇ.ટી.ઇ. યુનિવર્સિટી સાથે સંલગ્ન રાજ્ય સરકારના અનુદાનથી ચાલતી સૌરાષ્ટ્રની એકમાત્ર અંગ્રેજી ટીચરને તૈયાર કરતી બી.એડ કોલેજ એટલે આઈ.એલટી. બી. એડ કોલેજ

**૬૦ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો**

(બી.એડ કોલેજના વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ પૂર્ણ કરે ત્યારે જુદી જુદી શાળાઓમાં શિક્ષક તરીકે વ્યવસાય કરવાની તક મળતી હોય છે. આ કોલેજ દ્વારા તવિવારે વિદ્યાર્થીઓને રોજગાર મળવાના ભાગરૂપે કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટની ૨૫ જેટલી શાળાઓએ કેમ્પસિટરના ભાગ લીધો હતો. નિર્મલા, ટી એન રાવ, પોળકિયા, મોદી, વિઝન, સન ફ્લાવર, ગ્લોબલ સહિત ૨૫ થી વધુ શાળાઓના પ્રતિનિધિઓ કેમ્પસ ઇન્ટરવ્યૂ વખતે ઉપસ્થિત રહ્યા હતા.

આઈ.એલ.ટી. કોલેજ રાજકોટના ૬૦ જેટલા તાલીમાર્થીઓએ કેમ્પસ ઇન્ટરવ્યૂમાં ભાગ લીધો હતો. ઇન્ટરવ્યૂ દરમિયાન શાળાઓએ ઘણા વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી અને પસંદ કરેલા વિદ્યાર્થીઓને ડેમોસ્ટ્રેશન લેક્ચર માટે પોતાની શાળામાં આવવા માટે સૂચન કર્યું હતું.

વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ રોજગારી માટે જુદી જુદી જગ્યાએ પ્રયાસ કરતા હોય છે ત્યારે અભ્યાસ કરતા કરતા આઈ.એલ.ટી. કોલેજ દ્વારા યોજવામાં આવેલ કેમ્પસ ઇન્ટરવ્યૂના માધ્યમથી બી.એડ કરતા તાલીમાર્થીઓને અભ્યાસક્રમ પૂરો કરતા પહેલા રાજકોટની જુદી જુદી શાળાઓમાં નોકરી મેળવવાની પૂરી તક મળી હતી.

સમગ્ર કાર્ય-મનું આયોજન કોલેજના આચાર્ય ડો.નિદત્ત બારોટના માર્ગદર્શન તળે નેહલ શિંગાળા, સ્મિતા ગઢવી, દીપિકા પટેલ અને જ્યોતિબેન તડવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને આઈ.એલ.ટી. કોલેજના તાલીમાર્થીઓએ ખબ મહેનત કરીને સફળ બનાવ્યં હતં.

### અંગ્રેજી શિક્ષકોને તૈયાર કરતી આઈએલટી કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુ સંપન્ન

# રાજકોટની 25 શાળાઓએ બી.એડ. નાં 60 છાત્રોમાંથી ભાવિ શિક્ષકો પસંદ કર્યા

હેડલાઈન | રાજકોટ

રાજકોટની સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ટ્રસ્ટ સંચાલિત અને કાલાવડ રોડ ઉપર આવેલી ઈન્સ્ટિટયૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજમાં બી.એડના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ અંગ્રેજી શિક્ષક થવા માટેની તાલીમ મેળવે છે. આ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને રોજગાર મળવાના ભાગરૂપે તાજેતરમાં કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટની ૨૫ જેટલી શાળાઓએ કેમ્પિસિટરના ભાગ લીધો હતો. નિર્મલા, ટી એન રાવ, ધોળકીયા, મોદી, વિઝન, સન ફલાવર, ગ્લોબલ સહિત ૨૫થી વધુ શાળાઓના પ્રતિનિધિઓ કેમ્પસ



ઈન્ટરવ્યુ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

આઈ.એલ.ટી. કોલેજ રાજકોટના ૬૦ જેટલા તાલીમાર્થીઓએ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો. ઈન્ટરવ્યુ દરમિયાન શાળાઓએ ઘણા વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી અને પસંદ કરેલા વિદ્યાર્થીઓને ડેમોસ્ટ્રેશન લેકચર માટે પોતાની શાળામાં આવવા માટે સૂચન કર્યુ હતું.

વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ રોજગારી માટે જુદી-જુદી જગ્યાએ પ્રયાસ કરતો હોય છે ત્યારે અભ્યાસ કરતા કરતા આઈએલટી કોલેજ દ્વારા યોજવામાં આવેલ કેમ્પસ ઈન્ટરવ્યુના માધ્યમથી બી.એડ કરતા તાલીમાર્થીઓને અભ્યાસક્રમ પૂરો કરતા પહેલા રાજકોટની જુદી-જુદી શાળાઓમાં નોકરી મેળવવાની પૂરી તક મળી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.નિદત્ત બારોટના માર્ગદર્શન તળે નેહલ, શિંગાળા, સ્મિતા ગઢવી, દીપીકા પટેલ અને જયોતિબેન તડવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને આઈએલટી કોલેજના તાલીમાર્થીઓએ ખૂબ મહેનત કરીને સફળ બનાવ્યું હતું.

# Institute of Language Teaching

Ref :                                                            Date :

# રાજકોટની આઈ.એલ.ટી.બી.એડ. કોલેજ ધ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

રાજકોટ, મંગળવાર
(નીતિન વસાણી)



રાજકોટની સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ટ્રસ્ટ સંચાલિત અને કાલાવડ રોડ ઉપર આવેલી ઈન્સ્ટિટયૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજમાં બી.એડ ના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ અંગ્રેજી શિક્ષક થવા માટેની તાલીમ મેળવે છે. આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી સાથે સંલગ્ન રાજ્ય સરકારના અનુદાનથી ચાલતી સૌરાષ્ટ્રની એકમાત્ર અંગ્રેજી ટીચરને તૈયાર કરતી બીએડ કોલેજ એટલે આઈ.એલ.ટી. બી.એડ કોલેજ,

બી.એડ કોલેજના વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ પૂર્ણ કરે ત્યારે જુદી જુદી શાળાઓમાં શિક્ષક તરીકે વ્યવસાય કરવાની તક મળતી હોય છે. આ કોલેજ દ્વારા ગત રવિવારે વિદ્યાર્થીઓને રોજગાર મળવાના ભાગરૂપે કેમ્પસ ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટની ૨૫ જેટલી શાળાઓએ કેમ્પસિટરના ભાગ લીધો હતો. નિર્મલા, ટી એન રાવ, ધોળકિયા, મોદી, વિઝન, સન ફલાવર, ગ્લોબલ સહિત ૨૫ થી વધુ શાળાઓના પ્રતિનિધિઓ કેમ્પસ ઈન્ટરવ્યૂ વખતે ઉપસ્થિત રહ્યા હતા.

આઈ એલ.ી. કોલેજ રાજકોટના ૬૦ જેટલા તાલીમાર્થીઓએ કેમ્પસ ઈન્ટરવ્યૂમાં ભાગ લીધો હતો.

ઈન્ટરવ્યૂ દરમિયાન શાળાઓએ ઘણા વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી અને પસંદ કરેલા વિદ્યાર્થીઓને ડેમોસ્ટ્રેશન લેક્ચર માટે પોતાની શાળામાં આવવા માટે સૂચન કર્યુંહતું. વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ રોજગારી માટે જુદી જુદી જગ્યાએ પ્રયાસ કરતા હોય છે ત્યારે અભ્યાસ કરતા

કરતા આઈ.એલ.ટી. કોલેજ દ્વારા યોજવામાં આવેલ કેમ્પસ ઈન્ટરવ્યુના માધ્યમથી બી.એડ કરતા તાલીમાર્થીઓને

અભ્યાસક્રમ પૂરો કરતા પહેલા રાજકોટની જુદી જુદી શાળાઓમાં નોકરી મેળવવાની પૂરી તક મળી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.નિદત્ત બારોટના માર્ગદર્શન તળે નેહલ શિંગાળા, સ્મિતા ગઢવી, દીપિકા પટેલ અને જ્યોતિબેન તડવી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને આઈ એલ.ટી કોલેજના તાલીમાર્થીઓએ ખૂબ મહેનત કરીને સફળ બનાવ્યું હતું.

# Institute of Language Teaching

**Ref :** **Date :**

**ILT students visit to GCERT, GSEB, Rasha Shakti University, GIFT City, Vidhan Sabha on Date-27 and 28 February, 2023**

## આઈ.આઈ.ટી. બી.એડ કોલેજના છાત્રોનો રક્ષા યુનિવર્સિટી, વિધાનસભા, ગીફ્ટ સીટીનો પ્રવાસ

### વિદ્યાર્થીઓને ભણતર સાથે ગણતરથી આવતીકાલના શ્રેષ્ઠી નાગરીક બનાવવાનું આઈ.આઈ.ટી. બીએડ કોલેજનો મુદ્રાલેખ

અબતક, રાજકોટ



# Institute of Language Teaching

Ref :

Date :

જાડેજા (રાવકી), માલદેવસિંહ વાઘેલા (બંધીયા), હાર્દિકસિંહ જાડેજા (મજોઠ),

રાખસિયા, સમસ્ત થોરીયા પરીવાર, શ્રીમદ રાજચંદ્ર સેવાગ્રુપ, શ્રી વિનય જસાણી, સિવિલ હોસ્પીટલ બ્લડબેંકના એમ.ડી.પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે(૪૦.૯)

મિત્રમંડળ ટ્રસ્ટ દ્વારા આ રવિવારે

તા.૫/૩ના બપોરે ૩થી ૪ સુધી ટ્રસ્ટના

# ILT B.Ed. કોલેજનો શૈક્ષણિક પ્રવાસ

## GCERT માધ્યમિક શિક્ષણ બોર્ડ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ગુજરાત વિધાનસભા અને ગીફ્ટ સીટીની મુલાકાત લેવાઇ









રાજકોટ : ગુજરાતમાં માત્ર બે કોલેજ અને સૌરાષ્ટ્રની એક માત્ર લેંગ્વેજ ટીચિંગ બી.એડ કોલેજ સૌરાષ્ટ્ર હાઇસ્કુલ ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્ર હાઇસ્કુલ કાલાવડ રોડ કોટેચા ચોક ખાતે રાજકોટમાં આવી છે. ૧૯૮૫ થી શરૂ થયેલી આ કોલેજમાં અત્યાર સુધીમાં અનેક, આર્ટસના અંગ્રેજી મુખ્ય વિષય સાથેના વિદ્યાર્થીઓએ બીએડ પુરૂ કર્યું છે. અસંખ્ય વિદ્યાર્થીઓ રાજય સરકારની TET-TAT ની પરીક્ષા આપીને જુદી જુદી પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળઓમાં શિક્ષક તરીકે કામગીરી કરી રહ્યા છે. આ સિવાય પણ અનેક વિદ્યાર્થીઓ જુદી જુદી પ્રાઇવેટ શાળાઓમાં શિક્ષક તરીકે કાર્યરત છે.

હાલમાં જ ઇન્સ્ટિટયુટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજ રાજકોટ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાવમાં આવ્યુ હતું. આ પ્રવાસનું મુખ્ય આયોજન કોલેજના આચાર્ય ડો. નિદત બારોટે કરેલ આ શૈક્ષણિક પ્રવાસમાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

હાલમાં જ ઇન્સ્ટિટયુટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજ રાજકોટ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનું મુખ્ય આયોજન કોલેજના આચાર્ય ડો. નિદત્ત બારોટે કર્યું હતું. શૈક્ષણિક પ્રવાસમાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. રાજકોટથી નીકળીને આ પ્રવાસ ગુજરાત કાઉન્સિલ ફોર એજયુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ GCERT માં ગયો.

જીસીઇઆરટીમાં રાજય સરકારના જુદા જુદા શિક્ષક તાલીમની ઉપરાંત, પુસ્તકોમાં કેવી રીતે સંશોધનો કરવામાં આવે છે તે માટેની, ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજીના માધ્યમ દ્વારા ચાલતી રાજય સરકારની જુદી જુદી ચેનલો તેના કાર્યક્રમો, ઉપરાંત કઇ રીતે સમગ્ર રાજયના શૈક્ષણિક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવતર પ્રયોગો નું સંશોધન કરવામાં આવે છે તેની વિગતો વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. જીસીઇઆરટી દ્વારા અંકિતા ત્રિવેદીને સમગ્ર વ્યવસ્થા સોંપવામાં આવી જીસીઇઆરટીના નિયામક ડી. એસ. પટેલ વિદ્યાર્થીઓને મળ્યા.

વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની મુલાકાત ગયા ગુજરાતમાં ધોરણ ૧૦, ૧૨ ઉપરાંત અન્ય કઇ પરીક્ષાઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા, કઇ રીતે લેવામાં આવે છે, તેની શું વ્યવસ્થા હોય છે, શિક્ષકો કેવી રીતે કાર્ય કરે છે, સમગ્ર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કેટલા વિભાગો છે અને કાર્યો વિભાગમાં કેવા કાર્યો થાય છે તેની વિગત ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ શ્રી વ્યાસ દ્વારા આપવામાં આવી હતી.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના શ્રી દિલીપ દેસાઇ અને શ્રી આશિત બારોટ દ્વારા રાષ્ટ્રીય યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોની વિગતો આપવામાં આવી હતી. પોલીસ ડિપાર્ટમેન્ટમાં કઇ રીતે આ સંસ્થાના વિદ્યાર્થીઓ સરળતાથી નોકરી મેળવી શકે છે તેની વિસ્તૃત માહિતી આપી હતી. યુનિવર્સિટીમાં ચાલતા ફોરેન્સિક, સાઇબર ક્રાઇમ સહિતના અભ્યાસક્રમોની માહિતી મેળવ્યા બાદ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ બી.એડ. કોલેજના પ્રવાસી તાલીમી વિદ્યાર્થીઓ જુદી જુદી પ્રયોગશાળાની મુલાકાતે ગયા હતા. એમાં પણ ખાસ કરીને ફોરેન્સિક અભ્યાસક્રમોને લગતા પ્રયોગશાળાઓમાં જઇ તલસ્પર્શી વિગતો મેળવી હતી અને રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલયમાં ચાલતા સ્પોર્ટ્સના અભ્યાસક્રમોની સ્પોર્ટ્સ લેબોરેટરીની મુલાકાત લીધી હતી. રાત્રે દાદા ભગવાન ના ત્રિમંદિરમાં વિસામો લીધા બાદ બીજા દિવસે સવારે ગુજરાત વિધાનસભાની મુલાકાતે વિદ્યાર્થીઓ ગયા હતા. રાજકોટના વિદ્યાર્થીઓ રાજકોટના ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાની શુભેચ્છા મુલાકાત લીધી ઉપરાંત ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અમિતભાઇ ચાવડા, પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઇ મોઢવાડિયા ઉપરાંત કોંગ્રેસ પક્ષના ૧૦થી વધુ ધારાસભ્યો સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ ગુજરાત વિધાનસભાના હાઉસમાં ગયા હતા. આ સમયે ત્યાં ગુજરાતમાં ગુજરાતી શિક્ષણ ફરજિયાત કરવા માટેના કાયદાની ચર્ચા ચાલી રહી હતી. ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને પ્રોફેસર કુબેર ડીંડોરજી દ્વારા આ વિધાયક વિધાનસભામાં મુકાયું તેના સાક્ષી બન્યા હતા. અને જાણે ઇન્સ્ટિટયૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજ રાજકોટના તાલીમાર્થીઓ હોય તેવો વિદ્યાર્થીઓને અનુભવ થયો હતો.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ ગુજરાત ઇન્ફોર્મેશન ટેકનોલોજી સીટી ગિફ્ટ સિટી અમદાવાદ અને ગાંધીનગરની વચ્ચે બની રહ્યાં છે. ૮૫૦ એકરના વિશાળ ક્ષેત્રફળમાં બનનાર આ ગિફ્ટ સિટીમાં હાલ લગભગ ૧૮૦ એકરમાં કામ ચાલી રહ્યું છે. બેંક ઓફ અમેરિકા, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા જેવી અનેક મોટા ગજાની બેંકોએ પોતાના વિશાળ સંકુલો બનાવીને ગિફ્ટ સિટીમાં કાર્ય શરૂ કર્યુ છે. બુલિયન માર્કેટ અને સ્ટોક એકસચેન્જ દ્વારા પણ તેમની ઓફિસો ગિફ્ટ સિટીમાં કરાઇ છે. વિશેષ રીતે સિંગાપુર જેવી પેટર્નમાં આકાર પામી રહેલા આ ગિફ્ટ સિટીની મુલાકાતે ઇન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગના તાલીમાર્થીઓ પ્રવાસના છેલ્લા મુકામે પહોંચ્યા હતા. ગિફ્ટ સિટીમાં સરકારના ગિફ્ટ હાઉસમાં વિદ્યાર્થીઓને બેસાડીને ત્યાંના દિવ્યા ત્રિવેદીએ સમગ્ર ગિફ્ટ સિટીના ઇતિહાસની અને ભાવિ વિકાસની વાત કરી હતી. હાલમાં ગિફ્ટ સિટી માં ૧૫૦૦૦ લોકો રોજગારી મેળવી રહ્યા છે.

બે દિવસ ના આ શૈક્ષણિક પ્રવાસ માં કોલેજ ના આચાર્ય નિદત્ત બારોટ ઉપરાંત અધ્યાપકો નેહલ શિંગાળા, જ્યોતિ તડવી અને દીપિકા પટેલ જોડાયા હતા. પ્રવાસ થી પરત ફર્યા બાદ વિદ્યાર્થીઓએ અહેવાલ બનાવી સમગ્ર પ્રવાસ ની ચર્ચા કરી હતી. (૯.૨)

પર સંપર્ક કરવો.

ઓક્સિજન લેવલ, બ્લિડ ફ્રેટ, પ્રોટીન

# આઈએલટી બીએડ કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

## માધ્યમિક શિક્ષણ બોર્ડ રાષ્ટ્રીયકક્ષા યુનિવર્સિટી ગુજરાત વિધાનસભા અને ગિફ્ટ સિટીની મુલાકાત લીધી


આજકાલ કાર્યાલય
રાજકોટ


ગુજરાતમાંમાત્ર બે કોલેજ અને સૌરાષ્ટ્રની એકમાત્ર લેંગ્વેજ ટિચિંગ બીએડ કોલેજ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ કાલાવડ રોડ, કોટેચા ચોક ખાતે રાજકોટમાં સંચાલિત કરવામાં આવી રહી છે. ૧૯૮૫થી શરૂ થયેલી આ કોલેજમાં અત્યાર સુધીમાં અનેક આર્ટસના અંગ્રેજી મુખ્ય વિષય સાથેના વિદ્યાર્થીઓએ બીએડ પૂર્ણ કર્યું છે. અસંખ્ય વિદ્યાર્થીઓ રાજ્ય સરકારની ટેટ-ટાટની પરીક્ષા આપીને જુદી જુદી પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે કામગીરી કરી રહ્યા છે. આ સિવાય પણ અનેક વિદ્યાર્થીઓ જુદી જુદી પ્રાઈવેટ શાળાઓમાં શિક્ષક તરીકે કાર્યરત છે.

હાલમાં જ ઈન્સ્ટીટ્યુટ ઓફ લેંગ્વેજ ટિચિંગ કોલેજ રાજકોટ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રવાસનું મુખ્ય આયોજન કોલેજના આચાર્ય ડો.નિદત બારોટે કર્યું હતું. શૈક્ષણિક પ્રવાસમાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. રાજકોટથી નીકળીને આ પ્રવાસ ગુજરાત કાઉન્સિલ ફોર એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ગયો હતો.

જીસીઈઆરટીમાં રાજ્ય સરકારના જુદા જુદા શિક્ષક તાલીમની ઉપરાંત પુસ્તકોમાં કેવી રીતે સંશોધનો કરવામાં આવે છે તે માટેની, ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજીના માધ્યમ દ્વારા ચાલતી રાજ્ય સરકારની જુદી જુદી ચેનલો તેના કાર્યક્રમો ઉપરાંત કઈ રીતે સમગ્ર રાજ્યના શૈક્ષણિક એમાં પણ ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવતર પ્રયોગોનું સંશોધન કરવામાં આવે છે તેની વિગતો વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. જીસીઈઆરટી દ્વારા અંકિતા ત્રિવેદીને સમગ્ર વ્યવસ્થા સોંપવામાં આવી હતી. જીસીઈઆરટીના નિયામક ડી.એસ. પટેલ વિદ્યાર્થીઓને મળ્યા હતા અને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને શિક્ષણ બોર્ડની મુલાકાતે ગયા હતા. ગુજરાતમાં ધો.૧૦,૧૨ ઉપરાંત અન્ય કઈ પરીક્ષાઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કઈ રીતે લેવામાં આવે છે, તેની શું વ્યવસ્થા હોય છે, શિક્ષકો કેવી રીતે કાર્ય કરે છે, સમગ્ર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કેટલા વિભાગો છે અને ક્યા વિભાગમાં કેવા કાર્યો થાય છે તેની વિગત મુજબ ગુજરાત માધ્યમિ શિક્ષણ બોર્ડના સચિવ વ્યાસ દ્વારા આપવામાં આવી હતી.

બે દિવસના આ શૈક્ષણિક પ્રવાસમાં કોલેજના આચાર્ય નિદત બારોટ ઉપરાંત અધ્યાપકો નેહલ શિંગાળા, જ્યોતિ તડવી અને દીપિકા પટેલ જોડાયા હતા. પ્રવાસથી પરત ફર્યા બાદ વિદ્યાર્થીઓએ અહેવાલ બનાવી સમગ્ર પ્રવાસની ચર્ચા કરી હતી.

# લેંગ્વેજ ટીચિંગ બીએડ કોલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

## GCERT માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, વિધાનસભા તથા ગીફટ સીટીની મુલાકાત લેતા વિદ્યાર્થીઓ

રાજકોટ,તા.૩

ગુજરાતમાં માત્ર બે કોલેજ અને સૌરાષ્ટ્રની એકમાત્ર લેંગ્વેજ ટીચિંગ બી.એડ. કોલેજ સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્ર હાઈસ્કુલ કાલાવડ રોડ કોટેચા ચોક ખાતે રાજકોટમાં સંચાલિત કરવામાં આવી રહી છે. ૧૯૮૫ થી શરૂ થયેલી આ કોલેજમાં અત્યાર સુધીમાં અનેક, આર્ટસના અંગ્રેજી મુખ્ય વિષય સાથેના વિદ્યાર્થીઓએ બીએડ પૂરું કર્યું છે. અસંખ્ય વિદ્યાર્થીઓ રાજ્ય સરકારની **TET-TAT**ની પરીક્ષા આપીને જુદી જુદી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે કામગીરી કરી રહ્યા છે. આ સિવાય પણ અનેક વિદ્યાર્થીઓ જુદી જુદી પ્રાઈવેટ શાળાઓમાં શિક્ષક તરીકે કાર્યરત છે.

હાલમાં જ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ કોલેજ રાજકોટ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનું મુખ્ય આયોજન કોલેજના આચાર્ય ડો. નિદત્ત બારોટે કર્યુ હતું. શૈક્ષણિક પ્રવાસમાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

રાજકોટથી નીકળીને આ પ્રવાસ ગુજરાત કાઉન્સિલ ફોર એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગની મુલાકાત લીધી હતી. જીસીઈઆરટીમાં રાજ્ય સરકારના જુદા જુદા શિક્ષક તાલીમની ઉપરાંત, પુસ્તકોમાં કેવી રીતે સંશોધનો કરવામાં આવે છે તે માટેની ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજીના માધ્યમ દ્વારા ચાલતી રાજ્ય સરકારની જુદી જુદી ચેનલો તેના કાર્યક્રમો, ઉપરાંત કઈ રીતે સમગ્ર રાજ્યના શૈક્ષણિક એમાં પણ ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવતર પ્રયોગોનું સંશોધન કરવામાં આવે છે તેની વિગતો વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. જીસીઈઆરટી દ્વારા અંકિતા ત્રિવેદીને



અન્ય કઈ પરીક્ષાઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા, કઈ રીતે લેવામાં આવે છે, તેની શું વ્યવસ્થા હોય છે. શિક્ષકો કેવી રીતે કાર્ય કરે છે. સમગ્ર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કેટલા વિભાગો છે અને ક્યા વિભાગમાં કેવા કાર્યો થાય છે તેની વિગતો ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ વ્યાસ દ્વારા આપવામાં આવી હતી.

ભારત સરકાર દ્વારા ઈન્સ્ટિટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ તરીકે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. પ્રવાસમાં ગયેલા વિદ્યાર્થીઓ આ સંસ્થાની મુલાકાતે ગયા હતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ ગુજરાત ઈન્ફોર્મેશન ટેકનોલોજી સીટી એટલે કે ગિફ્ટ સીટી અમદાવાદ અને ગાંધીનગરની વચ્ચે બની રહયું છે. ૮૫૦ એકરના વિશાળ ક્ષેત્રફળમાં બનનાર આ ગિફ્ટ સીટીમાં હાલ લગભગ ૧૮૦ એકરમાં કામ ચાલી રહયું છે. બેંક ઓફ અમેરિકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જેવી અનેક મોટા ગજાની બેંકોએ પોતાના વિશાળ સંકુલો બનાવીને ગીફ્ટ સીટીમાં કાર્ય શરૂ કર્યુ છે. ગીફ્ટ સીટીની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી હતી. બે દિવસના આ શૈક્ષણિક પ્રવાસમાં કોલેજના આચાર્ય નિદત બારોટ ઉપરાંત અધ્યાપકો નેહલ શિંગાળા, જ્યોતિ તડવી અને દીપીકા પટેલ જોડાયા હતા. પ્રવાસથી પરત ફર્યા બાદ વિદ્યાર્થીઓએ અહેવાલ બનાવી સમગ્ર પ્રવાસ કરી હતી.

# રૂા.૭.૭૩ લાખના ચેક રિટર્ન કેસમાં હૈદરાબાદના વેપારી સામે ફરિયાદ

રાજકોટ તા.૩

રાજકોટના લોઠડા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં પ્રિતેશભાઈ જયસુખભાઈ

હોય ફરીયાદી પાસેથી ક્રિષ્ના રેડીએ ફાયર સેફ્ટી ઈક્વીપમેન્ટના માલની ખરીદી કરેલી જે માલના પેમેન્ટ પેટે રૂા.૭,૭૩,૩૭૨

# Institute of Language Teaching

**Ref :** **Date :**

**Josh 11th Sports meet organised by IITE and hosted by ILT, Rajkot**
**Date-12/1//2023**

**અબતક**
સાંધ્ય દૈનિક

# ૮૦૦થી વધુ ખેલાડીઓએ આઈ.આઈ.ટી.ઈ. યુનિ.ના રમતોત્સવમાં પોતાનું કૌવત બતાવ્યું

## ખો-ખો, વોલીબોલ, બેડમિન્ટન, ચેસ, ટેબલ-ટેનિસ, ગોળાફેંક, ભાલાફેંક, બરછી ફેંક, લાંબી કુદ, દોડ સહિતની રમતોનું આયોજન





### રાજયકક્ષાનો રમતોત્સવ આઈ.એલ.ટી.બી.એડ કોલેજના ઉપક્રમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યોજાયો, ડો. હર્ષદ પટેલ, ડો.ભીમાણી અને ડો. નિદત બારોટ સહિતનાઓ રહ્યા ઉપસ્થિત

(અનુ. આઠમા પાને)



# નેશનલ યુનિવર્સિટી ગેમ્સ 2022-23 ની પસંદગી રાઉન્ડમાં ILT B.Ed. કોલેજ, રાજકોટ ના તાલીમાર્થીઓ ચળક્યા



એકતા જોશી



સંજય ડાભી




માઢક બ્રિજેશ

એસોશિયેશન ઓફ ઇન્ડીયન યુનિવર્સીટીઝ આયોજિત નેશનલ યુનિવર્સીટી ગેમ્સ ૨૦૨૨-૨૩ માં પસંદગી પામવા અર્થે ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા૧૮ અને ૧૯ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ યોજાયેલ સિલેકશન રાઉન્ડમાં  સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ ટ્રસ્ટ સંચાલિત ઇન્સ્ટીટયુટ ઓફ લેન્ગવેજ ટીચિંગ બી.એડ. કોલેજ, રાજકોટના તાલીમાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. આઈ.એલ.ટી. બી.એડ. કોલેજ ના ત્રીજા સેમેસ્ટરના તાલીમાર્થી એકતા જોશીએ બેડમિન્ટન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. તેમજ પ્રથમ સેમેસ્ટરના તાલીમાર્થી સંજય ડાભીએ પણ 800 મીટર્સ રનીંગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.  ઉપરાંત પ્રથમ સેમેસ્ટરના તાલીમાર્થી બ્રિજેશ માઢકએ લોંગ જમ્પમાં તૃતીય ક્રમાંક હાંસલ કર્યો હતો.  આઈ.એલ.ટી. બી.એડ. કોલેજના ટ્રસ્ટી અને આચાર્ય ડૉ. નિદત્ત બારોટ સાહેબે સર્વે તાલીમાર્થીઓને બિરદાવી સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ ટ્રસ્ટ વતી નેશનલ ગેમ્સમાં સફળતા મેળવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.